### ભગવાન આચાર્યદેવ

# શ્રી બપ્પદેવ

સિદ્ધાન્ત ગ્રંથોના જ્ઞાતા આચાર્ય ભગવાન બપ્પદેવ તેમના સમયના પ્રસિદ્ધ આચાર્ય હતા. આચાર્યશ્રી શુભનંદિ, રવિનંદિ તથા બપ્પદેવ વગેરેનાં નામો શ્રુતધરાચાર્યોમાં આવે છે. આચાર્ય ભગવંતો શુભનન્દિ અને રવિનંદિ અત્યંત કુશાગ્રબુદ્ધિના ધારક હતા તેમના દ્વારા જ શ્રી બપ્પદેવાચાર્યએ સમસ્ત સિદ્ધાન્તગ્રંથોનું અધ્યયન કર્યું હતું.

બેલગાંવ[1] જિલ્લામાં આવેલ ભાગીરથી નદી (કૃષ્ણાનદીની શાખા)નો પ્રદેશ વર્તમાનમાં બેલગાંવ અથવા ધારવાડ તરીકે પ્રચલિત છે. આચાર્ય બપ્પદેવે તે બેલગાંવ જિલ્લામાં આવેલ ઉત્કલિકા નગરીના સમીપ આવેલા 'મગણવલ્લી' ગામમાં પોતાના તે બંને ગુરુવર્યો પાસેથી સિદ્ધાન્તનું અધ્યયન કર્યું હતું. તે અધ્યયન બાદ તેઓશ્રીએ ષટ્ખંડાગમ પૈકી મહાનિબંધ સિવાયના પાંચ ખંડો ઉપર વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામની ટીકા લખી છે. તથા છઠ્ઠા ખંડની સંક્ષિપ્ત ટીકા ટૂંકમાં લખી છે. આ છ ખંડોની ટીકા પૂર્ણ થયા બાદ તેઓશ્રીએ કસાયપ્રાભૃત ગ્રંથની એક 'ઉચ્ચારણા' ટીકા પણ રચી છે. આ પ્રમાણે ષટ્ખંડાગમમાંથી મહાબંધને છોડી પાંચ ખંડોની વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ નામક ટીકા આચાર્ય બપ્પદેવે લખી.

શ્રી વીરસેન સ્વામીએ વટ્ટગાંવ (વડોદરા)માં તે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામની ટીકાને પ્રાપ્ત કરી સત્કર્મ નામના છઠ્ઠા ખંડને મેળવીને ધવલાટીકાની રચના કરેલ છે. ધવલાના અધ્યયનથી એમ જણાઈ આવે છે કે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ પ્રાકૃતભાષામય પુરાતન ટીકા છે. આના પરથી નક્કી થાય છે કે આચાર્યદેવશ્રી બપ્પદેવ સિદ્ધાન્તવિષયોના મર્મજ્ઞ હતા.

આચાર્યદેવશ્રી બપ્પદેવની વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સિવાય બીજી કોઈપણ રચના ઉપલબ્ધ નથી તોપણ ધવલા અને જયધવલામાં તેમના નામથી જે ઉદ્ધરણો આવે છે તેનાથી તેમની વિદ્વતા પર પ્રકાશ પડે છે. ષટ્ખંડાગમમાં તેમનો ઘણી જગ્યાએ ઉલ્લેખ છે. તેથી આચાર્યના રૂપે 'બપ્પદેવ' અત્યંત પ્રતિષ્ઠિત છે. તેઓ પણ ઈ.સ.ની પ્રથમ શતાબ્દીના મધ્યપાદ કાળના આચાર્યદેવ માનવામાં આવે છે.

'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ'ના રચયિતા આચાર્યદેવ બપ્પદેવને કોટિ કોટિ વંદન.

---

૧. ભાગીરથી કૃષ્ણા નદીની શાખા છે અને તેનો વચલો પ્રદેશ બેલગાંવ અથવા ધારવાડ જિલ્લો બેલગાંવ કહેવાય છે.